લોકસભામાં આખરે તેલંગાણા બિલ પસાર

નવી દિલ્હી,તા.૧૮

લોકસભામાં ભારે ધાંધલ ધમાલ વચ્ચે આખરે તેલંગાણા બિલ પસાર કરી દેવામાં આવ્યુ હતુ. આની સાથે જ આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ભારે વિવાદ અને ચર્ચાઓમાં ખેંચતાણ વચ્ચે તેલંગાણા રાજ્યની રચનાને લોકસભાએ આજે લીલીઝંડી આપી દીધી હતી. આમાં મુખ્યવિરોધ પક્ષ ભાજપે સરકારને સાથ આપ્યો હતો. ૧૩મી ફેબ્રુઆરીના દિવસે લોકસભામાં રજુ કરવામાં આવેલા આંધ્રપ્રદેશ પુનરરચનાના બિલને આજે સંસદમાં ચર્ચા માટે રજુ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ આને પસાર કરવામાં આવ્યુ હતુ. આ બિલને પસાર કરવા માટે કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ રજુ કર્યુ હતુ. આંધ્રપ્રદેશના વિભાજનનો વિરોધ કરી રહેલા

કેટલાક સભ્યોએ ભારે ધાંધલ ધમાલ કરી હતી જેથી ત્રણ વખત ગૃહની કામગીરી મોકુફ કરવામાં આવી હતી. બિલ પર થયેલી ટૂંકી ચર્ચામાં ગૃહપ્રધાન, વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ અને તેલંગાણા ક્ષેત્રના વરિષ્ઠનેતા જયપાલ રેડ્ડીએ પોતાની રજુઆત કરી હતી. બોલવાની તક ન મળતા જેડીયુ અને ટીએમસીના સભ્યોએ વોટઆઉટ કર્યો હતો. બિલ પર દોઢ કલાક સુધી ચાલેલી પ્રક્રિયા બાદ આને મૌખિક મતથી મંજુરી આપી દેવામાં આવી હતી. આ અગાઉ બિલ પર લાવવામાં આવેલા બિનસરકારી સુધારાઓને ફગાવી દેવામાં આવ્યા હતા. સરકાર તરફથી રજુ કરવામાં આવેલા સુધારાઓને મંજુરી આપવામાં આવી હતી. બિલ પર ચર્ચા અને વોટીંગ દરમિયાન સીપીઆઈ એમ સહિત જુદા જુદા રાજકીય પક્ષોએ પોતાની રજુઆત કરી હતી. સિમાન્ધ્ર ક્ષેત્રના સભ્યો ગૃહની વચ્ચોવચ જઈને આંધ્રપ્રદેશના વિભાજનનો વિરોધ કરી રહ્યા હતા. સાવચેતીના પગલારૂપે સુશીલકુમાર શિંદે સમક્ષ કોંગ્રેસના કેટલાક સભ્યો સુરક્ષામાં રહ્યા હતા. આ બિલની નકલ આંચકી લેવામાં ન આવે અને કોઈ પણ ઘટના ન બને તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી. બિલ પસાર થઈ ગયા બાદ તેલંગાણા રાષ્ટ્રીય સમિતિના સભ્યો ગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી તથા વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજનો આભાર માનતા નજરે પડ્યા હતા. બીજી બાજુ વાયએસઆર કોંગ્રેસના નેતા જનગ રેડ્ડીએ આને ઈતિહાસ માટે કાળો દિવસ તરીકે ગણાવ્યો હતો. તેલંગાણા બિલ પસાર કરતીવેળા લોકસભામાં ભારે ધાંધલ ધમાલ રહી. લોકસભા બિલ પસાર થઈ ગયાબાદ તેલંગાણામાં કેટલીક જગ્યાએ આને લઈને ઉજવણી પણ કરવામાં આવી હતી. તેલંગાણા બિલના મામલે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં કોંગ્રેસને આજો મોટો ફટકો પડ્યો હતો કારણકે રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રધાન જી શ્રિવાસ્તવ રાવે રાજીનામુ આપ્યુ હતુ. કેન્દ્રિય પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે આશરે ૩૮ સુધારાઓ હતા જે માની લેવામાં આવ્યા છે. કમલનાથે એમ પણ કહ્યુ હતુ કે ભાજપે બેવડી રમતનો પ્રયાસ પણ કર્યો હતો.

મુસ્લિમો માટે પેટા ક્વોટાને અમલી બનાવવા ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા.૧૮

સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે કેન્દ્ર સરકારે ફરી એકવાર મુસ્લિમ ક્વોટાની વાત શરૂ કરી દીધી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં રજુઆત કરીને હવે ૨૭ ટકા ઓબીસી ક્વોટામાંથી અલગ કરવામાં આવનાર મુસ્લિમો માટેના ૪.૫ ટકાના પેટા ક્વોટાના અમલીકરણ પર સ્ટેને ઉઠાવી લેવાની રજુઆત કરી છે. કેન્દ્રિય શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીમાં પ્રવેશ માટે મુસ્લિમ સમુદાયના લોકો માટે ૪.૫ ટકાના પેટા ક્વોટાને અમલી બનાવવામાં આવે તેવી ઈચ્છા કેન્દ્ર સરકાર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે હવે મુસ્લિમો માટેના પેટા ક્વોટાનો મુદ્દો છવાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સોલિસિટર જનરલ મોહન પરાશરણે વચગાળાની રાહત માટે અરજીનો ઉલ્લેખ કર્યો હતો. વચગાળાની રાહત આપવાનો ૧૩મી જૂન ૨૦૧૨ના દિવસે ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. ૨૫મી માર્ચ ૨૦૧૦ના દિવસે સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશનો કેન્દ્ર સરકારે ઉલ્લેખ કર્યો હતો જેમાં રાજ્યની અંદર પછાત મુસ્લિમો માટે આવા જ અનામતને અમલી બનાવવા આંધ્રપ્રદેશ સરકારને મંજુરી આપવામાં આવી હતી. ચીફ જસ્ટિસ પી સથાશિવમ અને જસ્ટિસ રંજન ગોગોઈની બનેલી બેંચ સમક્ષ પરાશરણે આ મુજબની રજુઆત કરી હતી અને વિરોધાભાષી આદેશો વચ્ચે સમાનતા લાવવા પેન્ડીંગ અરજી પર તાકીદે સુનાવણી કરવાનો અનુરોધ કર્યો હતો. મુસ્લિમ ક્વોટાનો મામલો ખુબ જટિલ મામલો છે. બીજી બાજુ ચૂંટણી નજીક છેત્યારે કોંગ્રેસે ફરી એકવાર લઘુમતી સમાજને પ્રભાવિત કરવાના હેતુસર આ મુદ્દો ફરી ઉઠાવી લીધો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચૂકાદા સામે કોંગ્રેસ શાસિત આંધ્રપ્રદેશ સરકાર દ્વારા કરવામાં આવેલી અપીલના જવાબમાં ૨૦૧૦માં ક્વોટા પર સ્ટે મુક્યો હતો. ૨૫મી માર્ચ ૨૦૧૦ના દિવસે સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કહ્યુ હતુકે વચગાળાના પગલા તરીકે આ અપીલમાં કેટલીક બંધારણીય બાબતો પણ સામેલ છે.

નીતિન ગડકરી દ્વારા કેસ દાખલ કરાયો

અરવિન્દ કેજરીવાલ સામે બદનક્ષી કેસ દાખલ થયો

નવી દિલ્હી,તા.૧૮

ભાજપના વરિષ્ઠનેતા નીતિન ગડકરીએ એએપીના નેતા અરવિંદ કેજરીવાલ સામે આજે બદનક્ષીનો કેસ દાખલ કરી દીધો હતો. દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપનાર કેજરીવાલ સામે સકંજો મજબુત

જમાવવામાં આવ્યો છે. ભ્રષ્ટ તરીકે તેમને ગણાવીને તેમની પ્રતિષ્ઠાને ખરડવાનો કેજરીવાલ પર આક્ષેપ કરવામાં આવ્યો છે. ગોમતી મનોચા સમક્ષ આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ગોમતી મનોચા સામે ફરિયાદ દાખલ કરવામાં આવ્યા પછી હવે કેજરીવાલ પાસે જવાબ માંગવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવવામાં આવ્યુ છે કે ૩૧મી જાન્યુઆરીના દિવસે કેજરીવાલે જાણી જોઈને ભારતના મોસ્ટ ભ્રષ્ટ લોકોની યાદી જારી કરી હતી જેમાં ગડકરીના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો. ગડકરીએ કેજરીવાલ સામે પગલા લેવા અને તેમને બદનામ કરવા બદલ ખટલો ચલાવવાની માંગ કરવામાં આવી છે. ગડકરીએ કેસ દાખલ કર્યા બાદ આવનાર દિવસોમાં કેજરીવાલ સામે કાર્યવાહી થાય તેવી પણ શક્યતા છે.

છેલ્લી ચૂંટણી કરતા ૧૫૦ ટકાનો વધુ ખર્ચ થશે

લોકસભા ચૂંટણીમાં ૩૫૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ

ચેન્નાઈ,તા.૧૮

ચૂંટણી પંચે એવો સંકેત આપ્યો છે કે વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીના પરિણામ સ્વરૂપે તિજોરી ઉપર ૩૫૦૦ કરોડ રૂપિયાનો જંગી બોજ પડશે જે વર્ષ ૨૦૦૯માં યોજાયેલી ચૂંટણીના ખર્ચ કરતા ૧૫૦ ગણો વધારે છે. ૨૦૦૯ની ચૂંટણીમાં ૧૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. આ ચૂંટણીમાં વધારે ખર્ચ થવા માટે અનેક પરિબળો જવાબદાર રહ્યા છે. નામ જાહેર નહીં કરવાની શરતે ચૂંટણી પંચના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે દરેક રાજ્ય દ્વારા જરૂરિયાત માટે કેન્દ્રને ખર્ચના નિવેદનો મોકલી દીધા છે. કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા હવે આ નિવેદનોમાં ચકાસણી કરવામાં આવશે તથા રાજ્યોને જરૂરી નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા પ્રાથમિક અંદાજ લોકસભાની ચૂંટણીમાં ખર્ચ અંગે મૂકવામાં આવી ચૂક્યો છે જેના ભાગરૂપે ૩૫૦૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે. અંતિમ આંકડો આનાથી વધારે અથવા ઓછો હોઈ શકે છે. ખર્ચનો આંકડો ફુગાવાના પરિણામ સ્વરૂપે ૨૦૦૯ બાદથી સતત વધી રહ્યો છે. ચૂંટણી પંચે શ્રેણીબદ્ધ જાગૃતિ ઝુંબેશ પણ ચલાવી છે. છેલ્લા થોડાક વર્ષમાં વધુ મતદારોને ખેંચવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. સાથે સાથે મતદાર યાદીને ડિઝીટલ બનાવવામાં આવી છે. ઉપરાંત મતદારોને ખરીદવાની પ્રક્રિયાને રોકવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ખર્ચમાં સતત વધારો થયો છે.

મતદાર પહેલા છ મહિનાના ગાળામાં ચૂંટણી પંચે દેશભરમાં જનજાગૃતિ ઝુંબેશ ચલાવી હતી અને મતદાર યાદીમાં નામ નોંધાવવાની વાત કરી હતી. અન્ય ખર્ચાઓમાં ચૂંટણી સંબંધિત કામગીરીમાં સામેલ કરવામાં આવેલા અધિકારીઓના ખર્ચનો સમાવેશ થાય છે. આ અધિકારીઓને ટ્રેનીંગ સેશનમાં અને પ્રવાસમાં જોડાવવા બદલ નાણાં ચૂકવવામાં આવી રહ્યા છે. વિડીયોગ્રાફ પોલિંગની પ્રક્રિયા ચાલી રહી છે. આ પગલાંના પરિણામ સ્વરૂપે તાજેતરમાં ખર્ચમાં અનેકગણો વધારો થયો છે. મતદારોને રોકડ રકમની ચૂકવણી કરવાથી પક્ષને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી યોજાઈ હતી જેમાં તિજોરી ઉપર ૧૦.૪૫ કરોડનો ખર્ચ થયો હતો. ભારતમાં સંસદીય ચૂંટણી વિશ્વમાં સૌથી મોટી લોકશાહી કવાયત તરીકે રહી છે. લોકસભાની ચૂંટણી દરમિયાન રાજ્ય સરકારો દ્વારા પણ સુરક્ષા ખર્ચ કરવામાં આવે છે. જુદા જુદા રાજ્યો માં ચૂંટણી ખર્ચના ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો આંકડા સ્પષ્ટપણે જાણી શકાય છે.

કોંગ્રેસ-ભાજપ અંબાણીના ચહેરાઓ છે : કેજરીવાલ

નવી દિલ્હી,તા.૧૮

અરવિંદ કેજરીવાલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાનો દોર જારી રાખ્યો છે. કેજરીવાલે એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું છે કે નરેન્દ્ર મોદીને મત આપવાનો મતલબ મુકેશ અંબાણીને મત આપવા સમાન છે. જે લોકો રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસમાંથી મુક્તિ ઈચ્છે છે તે લોકોએ આ બાબત સમજી લેવાની જરૂર છે. કેજરીવાલે બિનકોંગ્રેસી અને બિન ભાજપ મોરચાને ટેકો આપવાની શક્યતાને પણ નકારી કાઢી હતી અને કહ્યું હતું કે ત્રીજા મોરચાના લોકો આ બંને રાષ્ટ્રીય પાર્ટીથી પણ ઓછી ભ્રષ્ટ નથી. ગેસની કિંમતો પર રંગરાજન કમીટીના અહેવાલના સંદર્ભમાં પૂછવામાં આવતા કેજરીવાલે કહ્યું હતું કે કિંમતો ઉપર પહેલાંથી જ ચીજો નક્કી કરી લેવામાં આવી હતી. રંગરાજન ઉપર શંકા છે કે કેમ તે અંગે પ્રશ્નોના જવાબ કેજરીવાલે ટાળી દીધો હતો. કેજરીવાલે ૩૦૦થી ૩૫૦ બેઠકો લડવાની વાત કરી હતી અને કહ્યું હતું કે આમ આદમી પાર્ટીના નેતાઓનો હેતુ સીટોની સંખ્યા ઉપર નથી બલ્કે મહત્વપૂર્ણ બાબત એ છે કે કેટલાક લોકો ભ્રષ્ટાચારની સામે મેદાનમાં આવે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના વડાની સામે તેમની ઝુંબેશ મોદીને રાજકીય રીતે ટાર્ગેટ બનાવવાનો હતો કે કેમ તે અંગે પૂછવામાં આવતા કેજરીવાલે કહ્યું હતું કે ભાજપ અને કોંગ્રેસ બંને અંબાણીના ચહેરા છે. તેમણે ઉમેર્યું હતું કે જો મોદી સત્તામાં આવશે તો મુકેશ અંબાણી એવી જ રીતે ભારતને બીજા પાંચ વર્ષ ચલાવશે જે રીતે યુપીએને ૧૦ વર્ષ સુધી ચલાવવામાં સફળતા મેળવી છે. સોનિયા ગાંધી અને નરેન્દ્ર મોદીની સામે ચૂંટણી પ્રચાર કરવાની પણ કેજરીવાલે વાત કરી હતી. વધારે સીટો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાના બદલે ભ્રષ્ટ લોકોની સામે જ અમે મેદાનમાં ઉતરવાની યોજના બનાવી રહ્યા છીએ.

આમ આદમી પાર્ટી પાસે લોકસભા ચૂંટણી લડવા માટે પૂરતી રકમ નથી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની જેમ જ રણનીતિ અપનાવવાની કેજરીવાલે વાત કરી હતી. તાજેતરમાં જ અરવિંદ કેજરીવાલ અને એએપીના નેતાઓના કેટલાક અયોગ્ય વલણના પરિણામ સ્વરૂપે લોકોમાં હાલ તેમની પ્રતિષ્ઠાને પણ ફટકો પડ્યો છે.

વેલિંગ્ટન ટેસ્ટ ડ્રો

વેલિંગ્ટન,તા.૧૮

વેલિંગ્ટન ખાતે રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચ આજે ધારણા પ્રમાણે જ ડ્રોમા પરિણમી હતી. ભારતે બીજા દાવમાં ૪૩૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા એક વખતે ત્રણ વિકેટ માત્ર ૫૪ રનમાં ગુમાવી દીધી હતી અને તેના ઉપર હારનો ખતરો તોળાઈ રહ્યો હતો પરંતુ વિરાટ કોહલીએ અણનમ ૧૦૫ રન બનાવીને ભારતની હારને ટાળી દીધી હતી. કોહલીએ ૧૩૫ બોલમાં ૧૫ ચોગ્ગા સાથે અણનમ ૧૦૫ રન કર્યા હતા. આની સાથે જ બે ટેસ્ટ મેચોની શ્રેણી ન્યૂઝીલેન્ડે ૧-૦થી જીતી લીધી છે. મેન ઓફ ધ મેચ તરીકે મેક્કુલમની પસંદગી કરવામાં આવી હતી. મેક્કુલમે ત્રેવદી સદી ફટકારવાની સિદ્ધિ મેળવી હતી. આની સાથે જ ૩૦૦ રનની ઈનિંગ્સ રમનાર બ્રેડન મેક્કુલમ ન્યૂઝીલેન્ડનો પ્રથમ બેટ્સમેન બની ગયો હતો. ચેતેશ્વર પૂજારા બેટિંગમાં ફ્લોપ રહ્યો હતો જ્યારે શિખર ધવન સસ્તામાં પેવેલિયન ભેગો થયો હતો. વિરાટ કોહલીએ પોતાની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેરી લીધું હતું. કોહલી એશિયાની બહાર ત્રણથી વધુ સદી ફટકારના ૧૬મો ભારતીય બેટ્સમેન બની ગયો હતો.

સોનાની માંગ વધીને ૯૭૫ ટન સુધી પહોંચી

દેશમાં સોનાની માંગમાં ૧૩ ટકાનો નોંધપાત્ર વધારો થયો

નવી દિલ્હી,તા.૧૮

ભારતમાં સોનાની માંગમાં ૨૦૧૩માં ૧૩ ટકાનો વધારો નોંધાયો હતો અને સોનાની માંગ તીવ્ર રહેતા સોના સાથે સંબંધિત કારોબારીઓ ખુશ દેખાયા હતા. ૨૦૧૨ની સરખામણીમાં સોનાની માંગ ૨૦૧૩માં ૧૩ ટકા વધીને ૯૭૫ ટન રહી હતી. સોનાની આયાત પર કેટલાક નિયંત્રણો સરકાર દ્વારા લાદવામાં આવ્યા હોવા છતાં સોનાની માંગ ૧૩ ટકા વધી હતી. ડબલ્યુજીસી ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ ૨૦૧૩માં આપવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે દેશમાં સોનાની માંગ ૨૦૧૨ દરમિયાન ૮૬૪ ટનની હતી જે ૨૦૧૩માં વધીને ૯૭૫ ટન થઈ ગઈ છે.

૨૦૧૩માં તેમાં ૧૩ ટકાનો વધારો થયો છે. આ ગાળા દરમિયાન કેટલાક નિયંત્રણો પણ લાદવામાં આવ્યા હતા. ડબલ્યુજીસીના મેનેજીંગ ડિરેક્ટર સોમ સુંદરમનું કહેવું છે કે ૨૦૧૨ની સરખામણીમાં ૨૦૧૩માં સોનાની માંગ વધવા

પાછળ અન્ય કેટલાક કારણો પણ જવાબદાર રહ્યા છે. ૨૦૧૩માં દેશમાં કુલ જ્વેલરીની માંગ ૧૧ ટકા વધીને ૬૧૨.૭ ટનની રહી હતી. આની કિંમત ૧૬૧૭૫૦.૬ કરોડની આસપાસની છે. ૨૦૧૨માં કુલ જ્વેલરીની માંગ ૫૫૨ ટન રહી હતી જેની કિંમત ૧૫૮૩૫૯.૧ કરોડની હતી. ૨૦૧૩ માટે કુલ મૂડીરોકાણની માંગ ૧૬ ટકા વધીને ૩૬૨.૧ ટન સુધી પહોંચી હતી જે ૨૦૧૨માં ૩૧૨.૨ ટનની આસપાસની હતી. આવી જ રીતે મૂલ્યની દૃષ્ટીએ ગોલ્ડ ઈનવેસ્ટમેન્ટ ડિમાન્ડમાં છ ટકાનો વધારો થયો હતો જેથી આ આંકડો વધીને ૯૫૪૬૦.૮ કરોડ સુધી પહોંચ્યો હતો. અંદાજ દર્શાવે છે કે સોનાની માંગ યથાવત રહેવાની શક્યતા છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

અને હા હોં, આ બધો અમારાં પર અન્યાય થાય છે, એવું કહેતા નથી રડતાં નથી કે ચિડાતાંય નથી. અમારાં અન્યાયને અવાજ આપવાં કયાંક ભેગાં થતાં નથી, અમે કયારેય કશું કહેતા જ નથી. કારણ અમારી જિંદગીમાં બ્લેક એન્ડ વ્હાઈટ કલર છે, સફેદ જે તમને દેખાય છે અને કાળો જે અમે ભોગવીએ છીએ, અમારી ભીંતરમાં, અમે કોકના બાળોતીયાં પણ ધોઈએ છીએ અને બાળકોને રમાડીએ છીએ!!

અમને કયારેક ગુસ્સોય આવે છે, આ સમાજના સિસ્ટમની, પરિવારની માથે ચઢાવેલી જવાબદારીની, ભ્રષ્ટ રાજકારણી અને અધિકારીઓની પણ અમે બેબસ, બેચારા, બેચેન, બદનશીબ બકરાં બનીને રહી જઈએ છીએ... હજુ તો આવું ઘઉં બોલવાનું બાકી છે, કહેવાનું બાકી છે. પણ તમને 'ઈન્ટરેસ્ટીંગ' લાગે એવું અમારી જિંદગીમાં કાંઈ જ નથી. અમે જમાનાથી ચાલી આવેલી કોયનેય ન દેખાનારી, નડનારી તમારી જ વચ્ચે વસતી જમાત છીએ. કેટલીય વિકાસની વાતો કરી તોય અમારી જિંદગીમાં કોઈ ફરક પડશે નહીં, અમે ઘેંટાના ટોળામાં સામેલ, પોતે જ બંધાયેલા, ભરાયેલાં, પોતાની જ જાતને મનને મારીને સહન કરનારાં છીએ, અને અમારું તો આવું જ ચાલ્યા કરશે!! હું કોણ? પહેચાન કૌન?

મારા નામમાંય કશું કહેવાત જેવું નથી, બસ આટલું બોલી સામનો ફોન કટ... સતત ઘૂંટાયેલાં, ચૂંથાયેલાં હૃદય-મનનો બોજ હાળવો કરવાં આવેલા ફોન, એક જ આજીજી મારાં માટે, અમારાં માટે લખો... આ વાંચ્યા બાદ તમને કદાચ એવું જ લાગશે કે અરે આ તો મારી જ વાત છે? જવાબદારીના ભાર નીચે ચગદાયેલા કોઈ પણ આપણી આસપાસ ફરતાં યુવક-યુવતીને જુઓ તમને આવો જ કોક ચહેરો દેખાશે. 'જવાની દિવાની' કદાચ આપણાં માટે હશે, પણ જેમની જવાની તો જવાબદારી નીચે વહી ચાલી છે, જેનું સુખ-દુઃખ કોઈ સમજતું નથી. દુકાનમાં પડીકા બાંધનારો કે ગલ્લા પર ચાની કીટલીની ધાર કરનારો કે રાતપાળી કરી બે-પૈસા ભેગા કરનારો, ટિફીન-સિલાઈ-આયાની નોકરી કરનારાઓ... આ બધાં હસતાં હસતાં તેમનો ચહેરો છુપાવે છે, અને કહે છે પહેચાન કૌન?

ચૂંટલો :

જવાબદારીથી ઝુકેલા કેટલાંય આપણી વચ્ચે નકલી ચહેરો લઈને ફરતાં હોય છે, એમનું દુઃખ, દર્દ-કહાની સાંભળીએ તો હાસ્યની ભીંતરનું દર્દ ડોકાઈ આવે છે, ત્યારે પેલાં ગીતની પંક્તિ આપોઆપ યાદ આવે છે, 'કહીં કિસી કો મુકમ્મલ જહાં નહીં મિલતા.'

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

પરંતુ એક રાતે એવું બન્યું કે તેના વ્હાલા ભાઇઓ પ્રત્યે તેના મનમાં જે પ્રેમ અને વિશ્વાસ હતો તે ક્ષણભરમાં ખોઇ બેઠો. બંને ભાઇઓને ધીમે અવાજે વાત કરતાં સાંભળી અડધી રાતે અચાનક તેની ઊંઘ ઉડી ગિ. વોર્ડમાં અંધારું હતું અને હોસ્પિટલમાં ચારે તરફ સન્નાટો છવાયેલો હતો. પોતાના બેડની ડાબી બાજુ બાંકડા પર બેઠેલાં ભાઇઓની વાતો તેના કાને પડી. પણ આંખો મીંચીને તે ચુપચાપ પડ્યો રહ્યો. વચેતભાઇ નાનાને કહેતો હતો.

'કરસન, મોટા ભાઇનું તો આ દુનિયામાં કોઇ નથી, ન કોઇ આગળ ન કોઇ પાછળ. પણ આપણાં ઉપર તો મોટી જવાબદારી છે. ભાઇની સારવારમાં આપણેજો આ રીતે જ ખર્ચા કરીશું તો બર્બાદ થઇ જઇશું.'

'તેં તો મારા મનની વાત કરી લખમણ, ઘણી વખત આ વિચાર મારા મગજમાં પણ આવેલો હતો પણ કહેવાની હિંમત થતી નહોતી.'

'કેન્સર કોઇ સાધારણ બિમારી નથી. કરસન આપણે આપણી બધી મિલકત વેચી દઇશું તો પણ ભાઇ સાજા થશે નહીં.'

'તો લખમણ આપણે કરવું શું?'

આપણે થોડી હિમ્મતથી કામ લેવું પડશે. ભાઇને તેના હાલ પર છોડીને આપણે અહીંથી નીકળી જઇએ. બર્બાદીથી બચવાનો આ એક માત્ર ઉપાય છે.

વચેટ ભાઇની વાત સાંભળી નાનાભાઇના ચહેરા પર પણ આનંદ વર્તાયો. બીજી જ પળે બંનેભાઇઓ ઉભા થવા અને પોતાનો સામાન સમેટી દબાતે પગલે હોસ્પિટલની બહાર નીકળી ગયા.

(ક્રમશઃ)

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

મધ્ય યુગનાં અન્ય સ્થાપત્યોમાં મધ્ય ગુજરાતમાં વડોદરા નજીક ડભોઈ નગરમાં આવેલી હીરા ભાગોળ, ચાંપાનેરનો કિલ્લો(પાવાગઢ), જામા મસ્જિદ(ચાંપાનેર) અને જુનાગઢનો કિલ્લો નોંધપાત્ર છે.

ચાંપાનેર નગરની સ્થાપના સોલંકીકાળમાં ચાવડાવંશના શાસનકાળમાં રાજવી વનરાજ ચાવડાએ કરી. પોતાના સેનાપતિ અને કુશળ બાણાવળી ચાંપાના નામ પરથી આ નગરનું નામ ચાંપાનેર રાખ્યું. ઈ.સ.૧૪૮૪માં મોગલ સુલતાન મોહંમદ બેગડાએ ગુજરાત ઉપર ચઢાઈ કરી ત્યારે ચાંપાનેર જીતી લીધું અને અહીં મસ્જિદ, મહેલ, કિલ્લો બનાવ્યાં.

હાલના રાજસ્થાનમાં માઉન્ટ આબુ ખાતે આવેલા દેલવાડાના દેરાં ગુજરાતના સોલંકીવંશના રાજવીના શાસનકાળમાં નિર્માણ પામેલ બહેતરીન સ્થાપત્યો છે. તો ૧૦મી-૧૧મી સદીમાં બાંધવામાં આવેલાં કુંભારિયાનાં જૈનમંદિરો પણ સ્થાપત્ય કૃતિનાં ઉત્તમ નમૂના ગણાય છે. બનાસકાંઠા જિલ્લામાં સુપ્રસિદ્ધ તીર્થધામ અંબાજી નજીક આવેલાં કુંભારિયાનાં દેરાંની સ્થાપત્યકલા દેલવાડાનાં દેરાં સાથે સરખાવી શકાય એવાં છે. એટલે કે એ બેઉનો નિર્માણકાળ એકસમાન હોઈ શકે છે.

સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકામાં આવેલા પોળોના જંગલમાં પ્રાચીન શિવમંદિરોના ભગ્નાવશેષો મળી આવ્યાં છે. જે ૧૫મી સદીમાં મંદિરનિર્માણનો પુરાવો આપે છે. ખેડા જિલ્લાના આંતરસુંબા પાસેના ટેકરીઓ પરનાં મંદિરો પણ પ્રાચીન સ્થાપત્યનાં નમૂના છે.

સ્ટોપર : "આપણાં સ્થાપત્યો એટલે આપણી વિરાસત, આપણો વારસો, આપણાં સંસ્કાર."

- સમાપ્ત

સમાચાર ઝલક

- **શ્રી રાજીવ ગાંધીના હત્યારાઓની ફાંસીની સજા આજીવન કેદની સજામાં ફેરવાઈ.**
- **લાંચ રૂશ્વત વિભાગે જનતાને જાગૃત કરવા માટે વીડીયો બહાર પાડી.**
- **મુંબઈમાં ચાલતી ટ્રેનમાં સ્ટંટ કરનાર ૨૨ યુવાનોની ધરપકડ.**
- **વિદેશી મુદ્રામાં ૧૫૦૦ કરોડ ડોલરનો ભરાવો.**
- **દિલ્હી વિધાનસભા વિસર્જન મામલે 'આપ' સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે.**
- **જાલંધરમાં સ્કુલ બસને અકસ્માત નડતાં ડ્રાઈવરનું મોત.**
- **ઈન્ડોનેશિયામાં જવાળામુખી ફાટતાં ભારે પ્રકોપ.**
- **લોકસભામાં તેલંગણા મુદ્દે બંનો પક્ષોનો હંગામો, ગૃહ સ્થગિત.**
- **ઈરાન-બગદાદમાં લોકલ વિસ્ફોટથી ૧૯નાં મોત.**
- **અણ્ણા હજારે અને પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચે મુલાકાત થઈ.**
- **અરવિંદ કેજરીવાલ સામે ભાજપના શ્રી નીતીન ગડકરીએ બદનક્ષીનો દાવો કર્યો.**
- **રાજકોટમાં દરરોજ લુંટના બનાવ યથાવત. આજે પરપ્રાંતીય પાસેથી લુંટનો બનાવ બન્યો.**
- **ખેડા જિલ્લામાં ઘટતો જતો તમાકુનો પાક. ભાવ ઓછા મળતા હોવાથી પાક ઘટયો.**
- **મુળી તાલુકાના હેમરપુરા ગામે બે જુથો વચ્ચે અથડામણમાં એકનું મોત.**
- **ફિલ્મ અભિનેતા સંજય દત્તની પેરોલમાં ૩૦ દિવસનો વધારો થયો.**
- **અરવિંદ કેજરીવાલના ટ્રસ્ટને અમેરિકા સાથે જોડાણનો આક્ષેપ.**
- **અગ્નિ-૧ મિસાઈલનું આજે ઓરિસ્સામાં પરિક્ષણ થયું.**